આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૭૭ | ૬ સપ્ટેમ્બર, ૨૦૧૨, ગુરૂવાર; અધિક ભાદરવા વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ચિત્રકામ કરવા કરતાં, પુસ્તકો લખવા કરતાં, કોઇ રંગમંચ પર વાનરવેડા કરવા કરતાં, આંતરિક ખોજ માટે યાત્રા કરવામાં અપાર સર્જકતા ભરેલી છે
- જે. કૃષ્ણમૂર્તિ

# ગાંધીનગર શહેર-જિલ્લામાં તોફાની વરસાદ

## ગ્રામ્ય વિસ્તારમાં વૃક્ષો વ્યાપક પ્રમાણમાં ધરાશયી થયાં : જિલ્લામાં ઠેર-ઠેર પાણી ભરાયાં : હજુ દસ ટકા વરસાદની ઘટ છે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેર અને જિલ્લામાં ગઈકાલે મોડી રાત્રે થયેલા તોફાની વરસાદને કારણે ગ્રામ્ય વિસ્તારમાં ઝાડ પડી જવાની તેમજ પાણી ભરાઈ જવાની વ્યાપક ફરિયાદો તંત્રને મળી છે. જો કે જિલ્લામાં સરેરાશ થતા વરસાદ સામે ૧૦ ટકાથી પણ વધુની હજુ ઘટ છે.

મળતી વિગતો પ્રમાણે પવનના સુસવાટાઓ સાથે આવેલા આ તોફાની વરસાદને કારણે અંબાપુર, સાદરા, મહુન્દ્રા, વલાદ, લવારપુર, ચિલોડા(ન), શિહોલી મોટી, લેકાવાડા ગામમાં વૃક્ષો ધરાશયી થવાની ઘટનાઓ બની હતી. જિલ્લામાં આ તોફાની વરસાદને કારણે કોઈ જાનહાનિ થઈ નથી પણ ગ્રામ્ય વિસ્તારના માર્ગો પર પાણી ફરી વળ્યા હતા.

આ તોફાની વરસાદની ગતિ એટલી તીવ્ર અને તેજ હતી કે તેને કારણે ચિલોડા અમદાવાદ હાઈવે પર ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા.

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં એક ઈંચથી બે ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. ગાંધીનગર અને કલોલ તાલુકામાં ૫૦ મિ.મિ. કરતાં વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે માણસા તાલુકામાં એક ઈંચ કરતાં થોડોક વધુ અને દહેગામ તાલુકામાં પોણા બે ઈંચ વરસાદ થયો છે.

જિલ્લામાં થઈ રહેલા પાછોતરા વરસાદને કારણે કપાસના પાકમાં કેટલાક વિસ્તારોમાં નુકશાન થવાનો ભય ઉભો થયાનું ખેડૂતો કહી રહ્યા છે. જો કે પાછોતરા વરસાદને પગલે ખેડૂતો દ્વારા ઘાસચારો અને દિવેલાના વાવેતરની કામગીરીમાં વ્યસ્ત બન્યા છે.

ગઈકાલે મોડી રાત્રે તોફાની વરસાદને કારણે ગાંધીનગર તાલુકાના શિહોલી મોટી ગામે લાઈટના થાંભલા પર વૃક્ષ પડતાં ગામનો વીજ પુરવઠો ખોરવાઈ જવા પામ્યો હતો. જે આજે બપોર બાદ પુનઃ ચાલુ થઈ ગયાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં થયેલા આ તોફાની પવન સાથેના વરસાદને કારણે ચિલોડા-અમદાવાદ હાઈવે પર ટ્રાફિક જામ થઈ જવાના દૃશ્યો પણ જોવા મળ્યા હતા. આ વિસ્તારમાં પાણી ભરાઈ રહેવાની વ્યાપક ફરિયાદો અને ગંદકી તેમજ કાદવ-કિચડ વધવાની ફરિયાદો તંત્રને મળી હતી.

આજે ગાંધીનગર મામલતદારે તાલુકાના તોફાની વરસાદથી અસરગ્રસ્ત બનેલા સાત થી પણ વધુ ગામોની મુલાકાત લીધી હતી.

દરમ્યાન આજે દિવસ દરમ્યાન ઉઘાડ રહેવા પામ્યો હતો જો કે હજુ ઘણા ગ્રામ્ય વિસ્તારના ખેતરોમાં પાણીનો ભરાવો થયાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં સરેરાશ વરસાદની સામે હજુ પણ ઘટ પ્રવર્તી રહી છે. જિલ્લામાં હજુ સુધી ૯૦ ટકા જેટલો વરસાદ નોંધાયો છે. સામાન્યતઃ આ વરસાદ ૭૦ ટકાથી વધુ નોંધાતો હોય છે.

પાછોતરા વરસાદને પગલે જિલ્લામાં પાણીના તળ ઉંચે આવી રહ્યા છે અને તેનો સીધો ફાયદો રવિ સીઝનમાં થશે તેવો આશાવાદ ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં એક લાખ હેક્ટરથી પણ વધુ વિસ્તારમાં વાવેતર થઈ જવા પામ્યુ છે.

# શહેરમાં મધ્યરાત્રિએ વરસાદ ત્રાટક્યો

## દોઢ કલાકમાં બે ઈંચ વરસાદથી શહેર પાણી-પાણી થયું : સવારે ઉઘાડ નીકળ્યો

ગાંધીનગર, તા. ૫

ગાજવીજ સાથે મેઘરાજાની તોફાની બેટીંગથી ગઈરાત્રે ગાંધીનગર શહેર પાણી પાણી થઈ ગયું હતું. માત્ર દોઢ કલાકના ગાળામાં બે ઈંચ જેટલો વરસાદ ખાબકતા ઠેર ઠેર પાણી ભરાયા હતા. જો કે વરસાદ થોડીક વારમાં બંધ થઈ જતા પાણી ઓસરી ગયા હતા. મોસમનો કુલ વરસાદ આ સાથે ૫૦૯ મી.મી. થયો છે.

ગાંધીનગર અને અમદાવાદમાં બે દિવસ અગાઉ તોફાની વરસાદ વરસ્યા બાદ ગઈકાલે દિવસ દરમ્યાન ઉઘાડ નીકળ્યો હતો. તે પછી સાંજે આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા. તે દરમ્યાન બફારો ખુબ વધી ગયો હતો. વસાહતીઓ પરસેવાથી કંટાળી ગયા હતા. રાત્રે આકાશમાં વીજળીના કડાકા-ભડાકા શરૂ થઈ ગયા હતા. સતત થતા વીજળીના કડાકા વચ્ચે રાત્રે સવા અગિયારથી ધોધમાર વરસાદ વરસવો શરૂ થયો હતો. થોડીક જ મિનિટો બાદ વરસાદની ગતિ એકદમ વધી ગઈ હતી. એટલો ધોધમાર વરસાદ હતો કે પાંચ ફૂટ દુરનું દૃશ્ય પણ દેખાતુ ન હતુ. જે વસાહતીઓ વહેલા સુઈ ગયા હતા તેઓ ધોધમાર વરસાદ અને વીજળીના કડાકાઓના અવાજથી ઉઠી ગયા હતા. મોડી રાત્રે ઘરે પરત ફરતા વસાહતીઓ ધોધમાર વરસાદના પગલે ફસાઈ ગયા હતા. વરસાદની ગતિ ખુબ તેજ હોવાથી રસ્તાઓ પર ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. નીચાણવાળા વિસ્તારોમાં તો કેટલાક મકાનોના ઓટલા સુધી પાણી પહોંચી ગયા હતા. ખુલ્લા મેદાનોમાં ઝુંપડા બાંધીને રહેતા શ્રમજીવીઓને આ તોફાની વરસાદમાં ખુબ તકલીફ પડી હતી. ઝુંપડાઓમાં પાણી ભરાઈ જતા શ્રમજીવીઓને રાત્રે જ સુરક્ષિત આશરાની શોધમાં નીકળવુ પડ્યું હતું. એવું લાગતું હતું કે વરસાદ હવે આખી રાત પડશે જો કે વરસાદ ધીમો પડ્યો અને પછી સાવ બંધ થઈ ગયો હતો. વરસાદ બંધ થઈ જતાં રસ્તાઓ પર ભરાયેલા પાણી ઓસરી ગયા હતા.

સવારે તો વાદળો વીખેરાઈ ગયા હતા અને તડકો નીકળ્યો હતો. સારો વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક વ્યાપી ગઈ હતી.



પાવન શ્રાવણ માસ પછી પણ ભાવિકોનાં મનમાં ભક્તિનાં ઘોડાપૂર શમ્યાં નથી. સૅક્ટર-૫ ખાતે સ્થિત શિવશક્તિ મંદિર ખાતે પવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે સમૂહ સત્યનારાયણ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભાવિકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કથા શ્રવણ તથા પૂજનનો લાભ લીધો હતો. (તસવીર : દિપક જાની)

# કોબા-ઈન્દિરાબ્રિજ માર્ગ આસપાસ વૃક્ષોની હરિયાળી સામે ખતરો !

## વૃક્ષોની ઝાડીમાં પાર્કીંગ પ્લેસ અસ્તિત્વમાં આવી રહ્યું છે : કચરાનો ઢગ ખડકાતાં પ્રકૃતિપ્રેમીઓમાં નારાજગી : ફેન્સીંગ બનાવવાનું આયોજન પણ વિસરાયું

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર ગ્રીનસીટી તરીકે



પાછળના ક્રમમાં ધકેલાયા બાદ શહેરી વિસ્તારમાં વધતી વૃક્ષછેદનની પ્રવૃત્તિના લીધે નગર બેરનસીટી બનવા તરફ હોવાનો પ્રબળ આક્રોશ ઉદ્‌ભવ્યો છે. એકબાજુ વિકાસના નામે હજારો પ્રશ્નો અદૃશ્ય થયા બાદ નગરની હરિયાળી બરકરાર રાખવા વનીકરણ હેઠળ હજારો વૃક્ષોનું વાવેતર કરાયુ હોવાનું બણગા ફુંકવામાં આવે છે ત્યારે ન્યૂ ગાંધીનગર તરીકે ઉભરતા કોબાથી ઈન્દિરાબ્રિજ વિસ્તારમાં સિમેન્ટ કોક્રીંટના બિલ્ડીંગોના ઘેરાવો વચ્ચે હરિયાળા વૃક્ષોનું નિકંદન વળી રહ્યું છે. આ વિસ્તારમાં રૂ. ૪૫ લાખના ખર્ચે ફેન્સીંગ બનાવવાનું આયોજન આખરી કરાયા બાદ વર્ષના અંતે સમગ્ર કાર્યયોજના વિસરાઈ ગઈ છે. બીજીતરફ માર્ગ આસપાસ સ્થિત વૃક્ષોની ઝાડીમાં કચરાનો ઢગ ખડકાઈ રહ્યો છે એટલું જ નહીં પરંતુ બિલ્ડીંગ-કોમ્પલેક્ષોના લીધે વૃક્ષો વચ્ચે પાર્કીંગ પ્લેસ અસ્તિત્વમાં આવતા હરિયાળી સામે ખતરો મંડરાયો છે. શહેરના પ્રકૃત્તિપ્રેમીઓએ આ મામલે વન વિભાગને પણ લેખિત રજૂઆત કરી છે. આમ છતાં કોઈ દરકાર લેવામાં આવતી નથી.

કોબાથી ઈન્દિરાબ્રિજ માર્ગ આસપાસ સર્વિસ રોડને અડીને આવેલી વૃક્ષોની હરિયાળી સામે ખતરો મંડરાયો છે. આસપાસના વિસ્તારમાં અસ્તિત્વમાં આવેલ કોમ્પલેક્ષના લીધે ઉછરતા વૃક્ષો વચ્ચે આડેધડ વાહનો ખડકી દેવામાં આવે છે. જ્યારે આ વિસ્તારમાં વધતા લારી-ગલ્લાના દબાણો વચ્ચે ઝાડીમાં કચરાના ઢગ પણ ખડકાય છે. આ વિસ્તારમાં હરિયાળા વૃક્ષોની જાળવણીને અનુલક્ષી અગાઉ રૂ. ૪૫ લાખના ખર્ચે ફેન્સીંગ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. એસ્ટીમેટ તૈયાર કરાયા બાદ ફેન્સીંગનું આયોજન આખરી થયા બાદ પણ આખી વાત હજુ સુધી માત્ર કાગળ પર જ રહી હોવાનો આક્રોશ પણ પ્રકૃતિપ્રેમીઓ ઠાલવી રહ્યા છે. આ મામલે પ્રકૃતિચિંતકોએ વનતંત્ર સમક્ષ અગાઉ લેખિત રજૂઆત કરવા છતા કોઈ પગલા લેવાતા નથી. ન્યૂ ગાંધીનગરના વિસ્તારમાં હાથ ધરાતા અનેકવિધ વિકાસકામોની વચ્ચે હરિયાળી માટે ખતરારૂપ પરિબળોને ડામવા પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# જિલ્લાના મહેસૂલી તંત્રમાં વ્યાપક ફેરફારો

## રાજ્યના ૬૬ નાયબ મામલતદારોની બદલી : ૬૪ મામલતદારોને બઢતી અને ૨૦૦ ઉપરાંત મામલતદારોની બદલીના હુકમો : જિલ્લામાં ચાર નાયબ કલેક્ટરોની બદલીના હુકમો : ચાર મામલતદારોને બઢતીના હુકમો અને છ અજમાઈશી મામલતદારોને મામલતદાર તરીકેના હુકમો થતાં મહેસુલ તંત્રમાં ધરખમ ફેરફારો

ગાંધીનગર, તા. ૫

બુધવારે મોડી સાંજે ૬૪ નાયબ કલેક્ટર્સની બદલી, ૬૬ મામલતદારોની બઢતી અને ૨૦૦ ઉપરાંત મામલતદારોની બદલીના હૂકમો કરાતાં રાજ્યના વહીવટી તંત્રમાં ભારે દોડધામ મચી હતી.

બદલી-બઢતીના હૂકમોના પગલે ગાંધીનગર જિલ્લાના ૪ નાયબ કલેક્ટર્સના બદલીના હૂકમો થયા હતા. જેમાં સર્વશ્રી એસ એમ સૈયદ, નાયબ કલેક્ટર, રાહત નિયામકની કચેરીની બદલી કૉમ્પીટન્ટ ઑથોરિટી, ગુજરાત સ્ટેટ પેટ્રોનેટમાં; બી એ અસારી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીની બદલી જિલ્લા પૂરવઠા અધિકારી, ભરૂચ; એસ એસ પંડ્યા, નાયબ કલેક્ટર, મધ્યાહ્ન ભોજન યોજનાની બદલી નાયબ નિયામક, નાની બચત, અમદાવાદ ખાતે થઈ છે. જેની સામે એન એમ મકવાણા સુરેન્દ્રનગરથી નાયબ કલેક્ટર, સ્ટેમ્પ ડ્યુટી, ગાંધીનગર તરીકે નિમાયા છે, એસ એલ શાહ, નાયબ સુપ્રિટેન્ડન્ટ ઑફ સ્ટેમ્પ તરીકે મુકાયા છે. જ્યારે ભાવનગર નાયબ મ્યુનિસિપલ કમિશનર સંજય જોષી નાયબ કલેક્ટર, રાહત નિયામકની કચેરીમાં મુકાયા છે. આર એમ પંડ્યા, મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીમાં મુકાયા છે. મહેસાણા જમીન સંપાદન અધિકારી એ એ રામાનૂજ રાજ્ય ચૂંટણી પંચમાં નાયબ કમિશનર તરીકે મુકાયા છે.

જ્યારે ગાંધીનગર જિલ્લાના મામલતદાર સંવર્ગના ચાર અધિકારીઓને હંગામી ધોરણે બઢતી અપાઈ છે. એસ કે પટેલ, મામલતદાર, કલોલને પ્રાંત અધિકારી તરીકે બઢતી અપાઈ છે; ડી આર જાની, મામલતદાર, જમીન ફાળવણી, ગાંધીનગરને સાબરકાંઠા જિલ્લા પૂરવઠા અધિકારી તરીકે બઢતી અપાઈ છે; જે બી દેસાઈ, મામલતદાર, માણસાને નાયબ

● અનુસંધાન પાન-૭ પર

# સે. ૨૧માં સેન્ટ્રો કારમાં અચાનક આગ ભભૂકી

## ફાયર બ્રિગેડે સમયસર આગને કાબૂમાં લીધી

ગાંધીનગર, તા. ૫

સે. ૨૧માં આજે સવારે માઉન્ટકાર્મેલ સામે એક સેન્ટ્રોકારમાં અચાનક આગ ભભૂકી હતી. કારના બોનેટમાંથી ધુમાડા નીકળતા આગ વધુ પ્રસરતા પહેલા જ ફાયરબ્રિગેડે સમયસર આગને કાબુમાં લીધી હતી.

બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર સે. ૨૧માં માઉન્ટકાર્મેલ શાળા નજીકના વિસ્તારમાં આજે સવારના અરસામાં સેન્ટ્રોકાર નં. જીજે-૧-એચ.એ.-૮૪૪૪માં અચાનક આગ ભભૂકી હતી. કારના બોનેટમાંથી ધુમાડા નીકળવાનુ શરૂ થતા આગ લાગી હતી. ઘટનાસ્થળે ટોળુ એકત્રિત થઈ ગયું હતું. આખરે આ અંગે ફાયર ઓફિસર મહેશ મોડને જાણ કરાતા ફાયરબ્રિગેડની ટીમે સમયસર ઘટનાસ્થળે પહોંચી આગને કાબુમાં લઈ કારને વધુ નુકસાન થતુ અટકાવ્યું હતું. ફાયર સૂત્રોના જણાવ્યા મુજબ કારના બોનેટમાં શોર્ટસર્કીટ થવાના લીધે આગ લાગી હોવાની સંભાવના છે.

ગાયત્રી ટ્રાવેલ્સ, કલોલ
નટુભાઈ પ્રજાપતિ (શેરથાવાળા)
દિવાળી વેકેશનના પ્રવાસ
હરિદ્વાર સાથે દિલ્હી દિવસ : ૧૦
મહાબળેશ્વર, ગોવા, મુંબઈ દિવસ : ૯
મુંબઈ, શીરડી દિવસ : ૪
દક્ષિણ ભારત દિવસ : ૧૮
મો.9426589290, 9924672350, 02764-229311

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

